eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 274
June 3, 2011

## તા. ૨૫/૦૫/૨૦૧૧ અને તા. ૨૬/૦૫/૨૦૧૧ના રોજ હેલ્થકેર અને પ્રિમોન્સુન સંદર્ભે આરોગ્ય વિભાગની કામગીરી

મે. કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ઈ. ચા. ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) નાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારમાં આવેલ મહાનગરપાલિકાના વિવિધ ઝોનમાં તા. ૨૫/૦૫/૨૦૧૧ અને તા. ૨૬/૦૫/૨૦૧૧ ના રોજ ઓપરેશન હેલ્થકેર અને પ્રિમોન્સુન સંદર્ભે આરોગ્યલક્ષી કામગીરીમાં બરફનાં ગોળા/કુલ્ફી/મટકા કુલ–૯૧ લારીઓ ચેકીંગ કરી, સડેલા/કાપેલા/ખુલ્લા રાખેલા/વધુ પડતા પાકેલા ફળો/શાકભાજીનો–૨૧૯૯ કી.ગ્રા.નાશ કર્યો ...

વધુ માટે કલીક કરો >>>>>>



## તા. ૦૧/૦૬/૨૦૧૧ના રોજ "મેલેરીયા વિરોધી માસ" અંતર્ગત વિશાળ રેલીનું આયોજન

ભારત સરકાર આરોગ્ય મંત્રાલય ધ્વારા જૂન માસને "મેલેરીયા વિરોધી માસ" તરીકે ઉજવવા નકકી કરેલ હોય, સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરની જનતામાં મચ્છરજન્ય રોગો નિયંત્રણમાં રાખવા માટે જનજાગૃતિ કેળવાય અને સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવતી વાહકજન્ય રોગ નિયંત્રણની કામગીરીમાં પ્રજાનો સહકાર મળે તે હેતુસર તા. ૦૧/૦૬/૨૦૧૧ નાં રોજ એક વિશાળ રેલીનું આયોજન કરેલ હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## વરાછાઝોનમાં ધરતીનગર તથા ભરવાડ ફળિયાની ઝુંપડપટ્ટીનું સ્થળાંતર

પૂર્વ (વરાછા) ઝોનમાં મંજુર ફાયનલ ટી.પી.સ્કીમ નં.૧૫ (ફુલપાડા) મુજબના ૧૫.૦ મી. પહોળા ટી.પી. રોડ તથા "રિક્રિએશનલ ઓપન સ્પેશ" ના હેતુ માટેના અનામત પ્લોટ ફા.પ્લોટ ન.૧૨૦ તથા તાપી નદીના કિનારા પરની સરકારી જમીન પર ધરતીનગર તથા ભરવાડ ફળિયાથી ઓળખાતી ઝુંપડપટ્ટીનું વર્ષો જૂનું અનઅધિકૃત દબાણ દૂર કરી રોડ તથા રિઝર્વેશન પ્લોટ તથા સરકારી જમીન ખુલ્લી કરવાની કામગીરી ઝોન કચેરી ધ્વારા હાથ ધરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ૫ મી જુન વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે "ગ્રીન વોક" નું આયોજન

આગામી ૫ મી જુન વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા "એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ" પ્રેરિત અને ગુજરાત એન્વીરો પ્રોટેકશન એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડના સહયોગમાં વિવિધ કાર્યક્રમોનું અયોજન કરવામાં આવનાર છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ૫ મી જુન વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે "ચિત્રકામ સ્પર્ધા અને વકતૃત્વ સ્પર્ધા" નું આયોજન

તા.૫ મી જુન "વિશ્વ પર્યાવરણ દિન" ની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા, ચેમ્બર ઓફ કોમર્સ, ગુજરાત એન્વીરો પ્રોટેકશન એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર લીમીટેડના સહયોગથી "એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ" પ્રેરિત તા. ૦૫/૦૬/૨૦૧૧ ને રવિવારના રોજ ચિત્રકામ સ્પર્ધા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તા. ૨૫/૦૫/૨૦૧૧ અને તા. ૨૬/૦૫/૨૦૧૧ના રોજ હેલ્થકેર અને પ્રિમોન્સુન સંદર્ભે આરોગ્ય વિભાગની કામગીરી

મે. કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ઈ. ચા. ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) નાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારમાં આવેલ મહાનગરપાલિકાના વિવિધ ઝોનમાં તા. ૨૫/૦૫/૨૦૧૧ અને તા. ૨૬/૦૫/૨૦૧૧ ના રોજ ઓપરેશન હેલ્થકેર અને પ્રિમોન્સુન સંદર્ભે આરોગ્યલક્ષી કામગીરીમાં બરફનાં ગોળા/કુલ્ફી/મટકા કુલ–૯૧ લારીઓ ચેકીંગ કરી, સડેલા/કાપેલા/ખુલ્લા રાખેલા/વધુ પડતા પાકેલા ફળો/શાકભાજીનો–૨૧૯૯ કી.ગ્રા.નાશ કર્યો, ખાણીપીણીની લારી/રેકડીઓનાં પીવાનું પાણી અને ખાદ્ય પદાર્થોનું–૪૦૧ સ્થળે ચેકીંગ કર્યુ, જેમાં નોટીસો આપી–૧૩૬, લારીઓ બંધ કરાવી–૧૨, મીઠાઈની દુકાનો/હોટલ/અન્ય ખાદ્ય પદાર્થ વેચતી સંસ્થાઓ–૧૧૮ ચેક કરી જેમાં–૪૫ સંસ્થાઓને નોટીસ આપી, જયારે બંધ કરાવી–૨, દુધની ડેરી–૬૫ ચેક કરી જેમાં–૩૩ સંસ્થાઓને નોટીસ આપી, લગ્નની વાડીઓ/પાર્ટી પ્લોટમાં પાણીની ટાંકી–૫૫ ચેક કરી, મ્યુનિ.બિલ્ડીંગ, શાળાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, જાહેર સંસ્થાઓમાં પાણીની ટાંકી–૪૦ ચેક કરી, સિનેમાગૃહ, નાટયગૃહો, વીડીયો થીયેટરમાં પીવાનાં પાણી/ખાદ્ય સામગ્રી/મુતરડી–૪૦ ચેક કરી, આ પૈકી કસુરવાર પાસેથી કુલ વહીવટી ખર્ચ રૂા. ૬૫,૫૮૦/– વસુલ કરવામાં આવેલ છે. આમ કુલ મળીને સંસ્થાઓ–૫૮૪ ચેક કરી ૨૧૪ સંસ્થાઓને નોટીસ આપી જયારે ૧૪ સંસ્થાઓ બંધ કરાવી. આમ કુલ ૬૫,૫૮૦/– દંડ સંસ્થાઓ પાસેથી વસુલ્યો.

TOP

## તા. ૦૧/૦૬/૨૦૧૧ના રોજ ''મેલેરીયા વિરોધી માસ'' અંતર્ગત વિશાળ રેલીનું આયોજન



ભારત સરકાર આરોગ્ય મંત્રાલય ધ્વારા જૂન માસને ''મેલેરીયા વિરોધી માસ'' તરીકે ઉજવવા નકકી કરેલ હોય, સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરની જનતામાં મચ્છરજન્ય રોગો નિયંત્રણમાં રાખવા માટે જનજાગૃતિ કેળવાય અને સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવતી વાહકજન્ય રોગ નિયંત્રણની કામગીરીમાં પ્રજાનો સહકાર મળે તે હેતુસર તા. ૦૧/૦૬/૨૦૧૧ નાં રોજ એક વિશાળ રેલીનું આયોજન કરેલ હતું, જે સવારે ૯.૦૦ કલાકે **લિંબાયત હેલ્થ સેન્ટરથી શરૂ કરી નિલગીરી સર્કલ થઈ લિંબાયત હેલ્થ સેન્ટર ખાતે પુર્ણ** કરવામાં આવેલ હતી. રેલીનું પ્રસ્થાન મા.મેયરશ્રી રાજુભાઈ દેસાઈએ લીલી ઝંડી ફરકાવી કરવામાં આવ્યું. રેલીમાં ડે.મેયરશ્રીમતી છાયાબેન ભુવા, શાસકપક્ષના નેતાશ્રી દયાશંકરસીંગ, આરોગ્ય સમિતિના ચેરમેન શ્રીમતી વર્ષાબેન રાણા,રૂગ્ણાલય સમિતિના ચેરમેનશ્રી પારૂલબેન ભારતી, મ્યુ.સદસ્યશ્રી, આરોગ્ય અધિકારીશ્રી અને ઈ. ચા. ડે. કમિશ્નરશ્રી(હે. અને હો.) હેમંતભાઈ દેસાઈ, નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓ, આઈ.એમ.એ. પ્રેસીડન્ટ ડો.મનસુખ ગેટીવાલા, ઈ.ચા.જંતુનાશક અધિકારી, આસી.જંતુનાશક અધિકારીઓ તેમજ વાહકજન્ય રોગ નિયંત્રણ વિભાગના કર્મચારીગણે ભાગ લીધો હતો. રેલીને ઉદ્‌બોધન કરતાં મા.મેયરશ્રીએ જણાવ્યું કે મહાનગરપાલિકા મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે જરૂરી તમામ પગલા લઈ રહી છે, ત્યારે આ રોગના અટકાયત માટે પ્રજા પણ જાગૃત થાય અને સાથ–સહકાર આપે તે જરૂરી છે. વધુમાં જયારે સુરત શહેરની ભૌગોલિક સ્થિતિ જોંતા અહીં વરસાદ, ભેજનું પ્રમાણ વધુ હોય, તેમજ પરપ્રાંતમાંથી રોજી–રોટી મેળવવા સુરત આવતા કામદારો વિગેરેને કારણે મેલેરીયાની પરિસ્થિતિ વણસે નહી તે માટે મહાનગરપાલિકાને સતત ચાંપતી નજર રાખવી પડે છે. વધુમાં તેમણે જણાવ્યું કે, હજી લોકોમાં જાગૃતિ લાવવાની જરૂર છે. આ માટે તમામ નાગરિકોએ સહકાર આપવો જોઈએ. ઘર આગળ પાણીના ખાબોચીયા ન થવા દેવા જોઈએ. પાણી ભરેલા વાસણો અઠવાડીયે એક વાર સાફ કરી હવાચુસ્ત ઢાંકણ /કપડાંથી ઢાંકવા જોઈએ. તાવ આવે ત્યારે નજીકના શહેરી આરોગ્ય કેન્દ્ર પર જઈ લોહીની તપાસ કરાવી સંપુર્ણ સારવાર લેવી જોઈએ, એવી રસપ્રદ માહિતી આપી હતી.

રેલીના સમાપન બાદ આરોગ્ય અધિકારીશ્રીએ વાહકજન્ય રોગો વિષે વિસ્તૃત માહિતી આપી હતી. તેમાં મેલેરીયા, ડેંગ્યુ, ચિકનગુનિયા અને હાથીપગા જેવા મચ્છરજન્ય રોગો વિષે મીડીયાને માહિતગાર કરેલ હતા અને જાહેર જનતાને અનુરોધ કરેલ કે મચ્છરજન્ય રોગોને નિયંત્રણમાં રાખવા આપણા સર્વેની જવાબદારી છે. ઘરની ટાંકી, ટાંકાઓ હવાચુસ્ત ઢાંકણ વડે પેક રહે તથા ધાબા પર રહેલ ટાયર, કંટેનરનો નિકાલ કરવો જોઈએ. ધાબાનું લેવલ સરખું કરવાથી પાણીનો સહેલાઈથી નિકાલ થઈ જાય.

સમગ્ર રેલીનું આયોજન મ્યુ.કમિશ્નરશ્રીની સુચના અનુસાર આરોગ્ય અધિકારી અને ઈ. ચા. ડે. કમિશ્નરશ્રી (હે. અને હો.) ડો.હેમંતભાઈ એસ. દેસાઈના માર્ગદર્શન હેઠળ ઈ.ચા.જંતુનાશક અધિકારી ડો. કે. જી. વૈષ્ણવ અને તેમના સ્ટાફના સાથ–સહકાર ધ્વારા કરવામાં આવેલ હતું.

TOP

## વરાછાઝોનમાં ધરતીનગર તથા ભરવાડ ફળિયાની ઝુંપડપટ્ટીનું સ્થળાંતર

પૂર્વ (વરાછા) ઝોનમાં મંજુર ફાયનલ ટી.પી.સ્કીમ નં.૧૫ (ફુલપાડા) મુજબના ૧૫.૦ મી. પહોળા ટી.પી. રોડ તથા "રિક્રિએશનલ ઓપન સ્પેશ" ના હેતુ માટેના અનામત પ્લોટ ફા.પ્લોટ ન.૧૨૦ તથા તાપી નદીના કિનારા પરની સરકારી જમીન પર ધરતીનગર તથા ભરવાડ ફળિયાથી ઓળખાતી ઝુંપડપટ્ટીનું વર્ષો જૂનું અનઅધિકૃત દબાણ દૂર કરી રોડ તથા રિઝર્વેશન પ્લોટ તથા સરકારી જમીન ખુલ્લી કરવાની કામગીરી ઝોન કચેરી ધ્વારા હાથ ધરવામાં આવેલ છે. તે હેઠળ ભકિતનગર સોસાયટીથી સ્પોર્ટસ કોમ્પલેક્ષ તરફનાં ભાગમાં તાપી નદી કિનારે આવેલ ધરતીનગર ઝુંપડપટ્ટીનાં ૧૦૯૬ – ઝુંપડાઓનાં લાભાર્થી ઈસમોને કોસાડ ખાતે વૈકલ્પિક આવાસની ફાળવણી કરી આ તમામ ઝુંપડાઓનું સ્થળાંતર કરવામાં આવેલ છે. તેની સાથે સાથે ૧૫– કોર્મશીયલ એકમો તથા ૬–તબેલાનું અનઅધિકૃત દબાણ પણ દૂર કરવામાં આવેલ છે. આમ તથાં ટી.પી.રોડની આશરે ૨૧૦૩ ચો.મી. જમીન તથા રિઝર્વેશન પ્લોટ/સરકારી માલિકીની આશરે ૧૬૫૯૨ ચો.મી. જમીન ખુલ્લી થયેલ છે. આ કામગીરી આગળ ચાલું રાખી ઈન્દિરાનગરથી કાપોદરા ઉત્રાણ બ્રીજ સુધીનાં ૧૫.૦ મી. પહોળાઈ ટી.પી. રોડ તથા ઉકત હેતુ માટેનાં રિઝર્વેશન પ્લોટમાં જે ઝુંપડાઓ સ્થિત થયેલ છે, તેનાં સ્થળાંતરની કામગીરી પણ આજરોજ શરૂ કરવામાં આવેલ છે, બીજા તબકકાની આ કામગીરીમાં આશરે ૭૬૩ ઝુંપડાઓ આવરી લઈ તેનું સ્થળાંતર કરવામાં આવી રહેલ છે.

ઉપરોકત ઝુંપડપટ્ટી વીયર કમ કોઝવેનાં અપસ્ટ્રીમ ભાગમાં આવેલ છે. તેનું સ્થળાંતર થતાં ઝુંપડપટ્ટીના કારણે તાપી નદીમાં જે ગંદકી થતી હતી, તેમાં નોંધપાત્ર ઘટાડો થવાની શકયતા છે.

TOP

## ૫ મી જુન વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે "ગ્રીન વોક" નું આયોજન

આગામી ૫ મી જુન વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા "એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ" પ્રેરિત અને ગુજરાત એન્વીરો પ્રોટેકશન એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડના સહયોગમાં વિવિધ કાર્યક્રમોનું અયોજન કરવામાં આવનાર છે. જે અંતર્ગત તા. ૦૫/૦૬/૨૦૧૧ને રવિવારના રોજ સવારે ૭.૩૦ કલાકે પ્રાઈમ આર્કેડથી શરૂ કરી ટેકરાવાળા સ્કુલ પાસે, પાલનપુર પાટિયા, રાંદેર રોડથી કસ્તુરબા સોસાયટી પાસે નવનિર્મિત શાંતિવન બાગ, કસ્તુરબા સોસાયટી, સુરત ખાતે સુધીની **"ગ્રીન વોક"** નું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ભાગ લેવા અંગેના ફોર્મ ગાંધીબાગ અને સાંસ્કૃતિક વિભાગ, રંગ ઉપવન, ચોકબજાર, સુરત ખાતેથી મેળવી તા. ૦૪/૦૬/૨૦૧૧ સુધીમાં પરત કરવાના રહેશે. શહેરની પર્યાવરણપ્રેમી જનતાને આ 'ગ્રીન વોક'માં સહભાગી થઈ વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણીને સાકાર કરવા અનુરોધ કરવામાં આવે છે.

TOP

## ૫ મી જુન વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે "ચિત્રકામ સ્પર્ધા અને વકતૃત્વ સ્પર્ધા" નું આયોજન

તા.૫ મી જુન "વિશ્વ પર્યાવરણ દિન" ની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા, ચેમ્બર ઓફ કોમર્સ, ગુજરાત એન્વીરો પ્રોટેકશન એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર લીમીટેડના સહયોગથી "એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ" પ્રેરિત તા. ૦૫/૦૬/૨૦૧૧ ને રવિવારના રોજ ચિત્રકામ સ્પર્ધા (ગૃપ ૧: ધોરણ ૫ થી ૮ના વિદ્યાર્થીઓ અને ગૃપ ૨: ૧૮ વર્ષથી ઉપરના આર્ટિસ્ટ) અને વકતૃત્વ સ્પર્ધા(૧૫ વર્ષથી ઉપરના ખુલ્લા વિભાગમાં) TIFAC સેમીનાર હોલ,સાર્વજનિક કોલેજ ઓફ એન્જી. એન્ડ ટેકનોલોજી, ડો.આર.કે.દેસાઈ માર્ગ, મિશન હોસ્પિટલની સામે, અઠવાલાઈન્સ, સુરત ખાતે આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં સુરત શહેર હદ વિસ્તારના બાળકો/વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ તથા યુવક યુવતીઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, ચં.ચી.મહેતા નાટ્યગૃહ, ચોકબજાર,સુરત ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in પરથી પણ મળી શકશે. પ્રવેશપત્રો આપવાની તથા સ્વીકારવાની છેલ્લી તા. ૦૪/૦૬/૨૦૧૧ રાખવામાં આવી છે.

TOP